

# ભારતમાં વસ્તી વૃધ્ધિ

**પ્રા.મહેશ આર. ગવળી**
**અર્થશાસ્ત્ર વિભાગ**
**ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસા**

**<u>પ્રસ્તાવનાઃ-</u>**

કોઇ પણ દેશનાં આર્થિક વિકાસમાં વસ્તીનું કદ અને તેની ગુણવતા ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. રાષ્ટ્રની માનવશકિત એ જ તેની મોટામાં મોટી સંપતિ અને અસ્કયામત છે.સશકત,કેળવાયેલી,શિક્ષીત,તાલીમ પામેલી, શિસ્તબધ્ધ અને ખંતીલી પ્રજા દેશની આર્થિક આબાદી અને સમૃધ્ધિ વધારવામાં અગત્યની ભૂમિકા અદા કરે છે.વસ્તીનાં દરમાં થતી વધઘટની અસર દેશના આર્થિક વિકાસ પર થાય છે. વસ્તીનું કદએ આર્થિક વિકાસનું એક મહત્વનું નિર્ણાયક પરિબળ છે. વિશ્વમાં કુલ વસ્તીની દ્રષ્ટિએ ચીન પછી ભારતની વસ્તી બીજા નંબરની છે. પૃથ્વીનાં કુલ જમીનનાં વિસ્તારની દ્રષ્ટિએ ભારત પાસેની 2.4% જેટલી જમીન છે. જેના ઉપર વિશ્વની 17.6 % જેટલી વસ્તી ભારતમાં વસવાટ કરે છે. અહીં વસ્તી વૃધ્ધિનો દર ઊંચો છે. જેના પરીણામે જમીન અને સાધનો ઉપર વસ્તીનું દબાણ વધતુ જાય છે.દેશમાં જોવા મળતી વ્યાપક ગરીબાઇ, ભયંકર ભૂખમરો, વધતી જતી આર્થિક અસમાનતા અને બેકારી, પ્રદૂષણ, તંગદીલી, અને ભ્રષ્ટાચારનાં મૂળમાં વસ્તીવૃધ્ધિની સમસ્યા રહેલી છે. આપણા અથાગ પ્રયત્નો પછી પણ છેલ્લા છ દાયકાઓમાં આપણો સરેરાશ વિકાસદર 5 % થી 7 % ની વચ્ચે રહયો છે. જયારે વસ્તી વૃધ્ધિનો દર 2.1% થી 2.5 % ની વચ્ચે રહેવા પામેલ છે. પ્રાદેશિક અસમાનતા, રાષ્ટ્રીય આવકની અસમાન વહેચણી મર્યાદિત કુદરતી સાધનોનાં સંદર્ભમાં વસ્તીનું વધતુ જતું દબાણ આર્થિક વિકાસને રૂંધે છે અને સામાજિક સેવાઓના વિતરણ દરને ગંભીરતાપૂર્વક મર્યાદિત બનાવે છે.

**<u>ભારતમાં વસ્તી વૃધ્ધિનાં કારણોઃ-</u>**

કોઇ પણ દેશમાં વસ્તીનો વધારો મુખ્યત્વે જન્મદર અને મરણદરના પ્રમાણ પર આધાર રાખે છે.ભૂતકાળમાં ભારતને વસ્તી વધારાનો ભય સતાવતો ન હોવાનું કારણ ઊંચો મરણદર હોતો.સ્વાતંત્ર્યપ્રાપ્તિ પહેલા ઊંચા મરણદરને લીધે વસ્તી નિયંત્રિત રહેતી હતી. એ સમયે જન્મદર અને મરણદર વચ્ચેનું અંતર ખૂબ જ ઓછું હતુ. અને તે તેને લીધે વસ્તીમાં સાધારણ સ્વરૂપનો વધારો જણાતો હતો. તે વખતે જન્મદર અને મરણદર બંન્નેનું પ્રમાણ ઊંચું હતુ. ઊંચા મરણદર માટેનાં કારણોમાં ગરીબી, અજ્ઞાનતા, અપૂરતી તબીબી સવલતો, ચેપી રોગો, દુકાળ વગેરે મુખ્ય હતા. દુકાળ અને ઇન્ફ્લ્યુએન્ઝા, મલેરિયા, કોલેરા, પ્લેગ જેવા રોગોને લીધે ઘણી મોટી સંખ્યામાં લોકો મરણ પામતાં હતા.

પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ અને વિશેષ કરીને ૧૯૫૧ થી આયોજનનાં આરંભ પછી જન્મદર અને મરણદર એ બન્નેમાં ઘટાડો થવા પામ્યો છે. અલબત મરણદરમાં થયેલો ઘટાડો જન્મદર કરતાં વધુ ઝડપી રહયો છે. જેના પરિણામે જન્મદર અને મરણદર વચ્ચેનું અંતર વધતુ રહ્યુ છે. અને તે જ વસ્તીવધારા માટેનું મૂળ અને મુખ્ય કારણ છે. જન્મદરની તુલનામાં જયારે મરણદરમાં તીવ્રતાથી ઘટાડો થાય ત્યારે વસ્તીવધારો વધુ તીવ્ર બને એ સ્વાભાવિક છે. આ પરિસ્થિતિને "વસ્તી વિસ્ફોટ" તરીકે ઓળખવામાં આવે છે.ભારતમાં જન્મદરનું પ્રમાણ જે ૧૯૫૧ માં દર હજાર વ્યકિતએ ૪૦ હતુ તે ૧૯૮૧ માં ઘટીને ૩૩.૯ અને ૧૯૯૧ મા ઘટીને ૯.૬ અને ૨૦૧૦ માં તે ઘટીને ૭.૨ જેટલું થયુ હતુ.આમ આયોજનકાળ દરમિયાન ભારતમાં જન્મદર અને મરણદર વચ્ચેના તફાવતમાં નોંધપાત્ર વધારો થયો છે.

ભારતમાં વસ્તી વૃધ્ધિનો દર ખુબજ ઊચો રહયો છે. જેથી ભારતની વસ્તી ઉતરોતર વધતી રહી છે. તેનું મુખ્ય કારણોમાં મૃત્યુદરમાં થયેલ ઘટાડો છે.આઝાદી પછીનાં આયોજનકાળ દરમ્યાન આર્થિક વિકાસનાં પરીણામે કૃષિક્ષેત્રે હરીયાળી ક્રાતિ થતાં અનાજનાં ઉત્માદનમાં વધારો થયો છે. અને ખોરાકનાં પુરવઠામાં વધારો થયેલ હોવાથી દુકાળ ઉપર નિયંત્રણ લાવી શકયા છીએ તેમજ આરોગ્યની સેવાઓનો વિકાસ થવાથી ચેપી રોગો ઉપર નિયંત્રણ લાવી શકયા છીએ. તબીબી સગવડોનો વિકાસ થયેલ હોવાથી જીવન રક્ષક દવાઓ અને શસ્ત્રક્રિયામાં નોંધપાત્ર વધારો થયેલ છે. ઉપરાંત શિક્ષણનો વિકાસ ખુબ જ સારા એવા પ્રમાણમાં થયો છે. જેનાં પરીણામે મૃત્યુદરમાં અને બાળ મૃત્યુદરમાં સારા પ્રમાણમાં ઘટાડો લાવી શકયા છીએ. ૧૯૫૧ માં જે મૃત્યુદર ૨૭.૪ ટકા અને બાળમૃત્યુદર ૧૪૬ હતો તેમાં ૨૦૧૧ ની સાલમાં મરણદર ૭ અને બાળમૃત્યુદર ૪૭ થયો છે. જેની સામે જન્મદરમાં એટલા પ્રમાણમાં ઘટાડો થયેલ ન હોવાથી વસ્તીમાં વધારો જોવા મળે છે.

ઊચો જન્મદરઃ- ભારતમાં જન્મદર ઉચો રહેવા માટેનાં કારણોમાં આર્થિક પરિબળો પણ જવાબદાર છે.આર્થિક સ્થિતિ જન્મદરને અસર પહોચાડે છે. **ગરીબ કુટુંબો બાળકોને " જવાબદારી " માનવાનાં બદલે " અસ્કયામત" માને છે.** કારણ કે આ બાળકોને સારો ખોરાક, કપડાં, શિક્ષણ વગેરે માટે મા-બાપે ખાસ ખર્ચ કરવું પડતું નથી.ઉંલટાનું બાળકો નાની વયથી જ મા-બાપને ખેતીકામ, પશુપાલન, ગૃહઉધોગ તથા હોટેલ લારી અને અન્ય પરચુરણ વ્યવસાયોમાં મદદરૂપ બની કમાણીનું સાધન બને છે. આવકની અસમાનતા જેમ વધુ તેમ જન્મદર ઉંચો જોવા મળે છે. તે ઉપરાંત સામાજિક પરીબળો જેવા કે, સાર્વત્રિક લગ્ન, બાળલગ્ન પ્રથા, વિધવાવિવાહ, સયૂકત કુટુંબપ્રથા, બાળમરણનું ઉંચું પ્રમાણ,પુત્રપ્રાપ્તિની ઝંખના,ધાર્મિક પરિબળો,અને ભૌગોલીક પરિબળોને લીધે જન્મદર ઉચો રહેવા પામેલ છે. તે ઉપરાંત શૈક્ષણિક પરિબળ- પણ અસર કરનારૂ પરિબળ છે.શિક્ષણને લીધે પુરૂષો અને સ્ત્રીઓ રૂઢિગત માન્યતાઓ,જડ રિવાજો,અંધશ્રધ્ધા અને કુટુંબ નિયોજન તરફનો અભિગમ બદલાય છે.અભણ અને ગરીબ વ્યકિતઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવાથી આવી વસ્તીમાં જન્મદરનું પ્રમાણ ઉંચુ હોવાથી વસ્તીવૃધ્ધિમાં વધારો થતો જોવા મળે છે.

કર્મનો સિધ્ધાંત-દેશની મોટાભાગની પ્રજા કર્મના સિધ્ધાંતમાં માને છે. '' **ભાવિમાં જે લગ્યુ છે તે મિથ્યા થતુ નથી** '','' **બાળકો તો પ્રભુનાં પયગંબર છે. તેથી તેમને અટકાવવાએ પયગંબરને અટકાવવા બરાબર છે**'','' **વિધાતાએ નસીબમાં જે લગ્યું હોય તે છેવટે થઇ જ રહે છે.''** આવી માન્યતાઓને લીધે જન્મદરનું પ્રમાણ ઉંચુ રહે છે.

**ભારતમાં વસ્તી વૃધ્ધિનાં વલણોઃ-**

ભારતમાં સૌ પ્રથમ અધિકૃત વસ્તી ગણતરી ૧૮૯૧ માં થઇ હતી તે અગાઉ થયેલ વસ્તી ગણતરીની પધ્ધતિ અવૈજ્ઞાનિક હતી અને તે અમુક ચોકકસ વિસ્તારને જ આવરી લેતી હતી. ૧૮૯૧ બાદ દર દસ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે. ભારતમાં વસ્તી

ગણતરીએ ૧૯૪૮ ના વસ્તી ગણતરી કાયદા (Census Act,1948) હેઠળ કરવામાં આવે છે. સ્વાતંત્રતા બાદ ૧૯૫૧ માં સૌથી પહેલુ વસ્તી પત્રક તૈયાર કરવામાં આવ્યુ હતુ.

(ભારતમાં વસ્તી વૃધ્ધિનાં વલણોની આંકડાકીય માહીતી)

| અન. | વર્ષ | કુલ વસ્તી (કરોડમાં) | દસકામાં ફેરફાર (કરોડમાં) | દસકામાં ફેરફાર (ટકાવારીમાં) | વસ્તી વૃધ્ધિનો વાર્ષિક દર (ટકાવારીમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૮૯૧ | ૨૩.૬ | • | • | • |
| ૨ | ૧૯૦૧ | ૨૩.૮ | + ૦.૨ | + ૦૦.૮ | + ૦.૩૦ |
| ૩ | ૧૯૧૧ | ૨૫.૨ | + ૧.૪ | + ૫.૭૫ | + ૦.૫૭ |
| ૪ | ૧૯૨૧ | ૨૫.૧ | • ૦.૧ | -૦.૩૧ | - ૦.૦૩ |
| ૫ | ૧૯૩૧ | ૨૭.૯ | + ૨.૮ | + ૧૧.૦૦ | + ૧.૦૬ |
| ૬ | ૧૯૪૧ | ૩૧.૯ | + ૪.૦ | + ૧૪.૨૨ | + ૧.૩૪ |
| ૭ | ૧૯૫૧ | ૩૬.૧ | + ૪.૨ | + ૧૩.૩૧ | + ૧.૨૬ |
| ૮ | ૧૯૬૧ | ૪૩.૯ | + ૭.૮ | + ૨૧.૬૪ | + ૧.૯૬ |
| ૯ | ૧૯૭૧ | ૫૪.૮ | + ૧૦.૯ | + ૨૪.૮૦ | + ૨.૨૦ |
| ૧૦ | ૧૯૮૧ | ૬૮.૫ | + ૧૩.૭ | + ૨૪.૬૬ | + ૨.૨૫ |
| ૧૧ | ૧૯૯૧ | ૮૪.૬ | + ૧૬.૧ | + ૨૩.૮૬ | + ૨.૧૪ |
| ૧૨ | ૨૦૦૧ | ૧૦૨.૭ | + ૧૮.૧ | + ૨૧.૫૪ | + ૧.૯૩ |
| ૧૩ | ૨૦૧૧ | ૧૨૧.૦૨ | + ૧૮.૧ | + ૧૭.૬૪ | + ૧.૬૪ |

ઉપરોક્ત આંકડાકીય માહીતી પરથી એ જાણી શકાય છે કે, ૧૮૯૧ થી ૧૯૨૧ નાં સમયગાળા દરમ્યાન વસ્તીમાં થયેલો વધારો ધીમો અને અનિયમિત હતો.૧૮૯૧ થી ૧૯૦૧ નાં દસકા દરમ્યાન વસ્તીવૃધ્ધિનો દર લગભગ શૂન્ય હતો. ૧૯૦૧ થી ૧૯૧૧ ના દસકામાં વસ્તીમાં ૫.૭ ટકાનો વધારો થયો હતો. જયારે ૧૯૧૧ થી ૧૯૨૧ ના દસકામાં વસ્તીમાં ૦.૩૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. વસ્તીમાં થયેલા આ ઘટાડાનું મુખ્ય કારણ જન્મદરમાં થયેલો ઘટાડો નહી, પરંતુ મરણદરમાં થયેલો વધારો હતો. આ સમયગાળા દરમ્યાન દુકાળો તથા કોલેરા, પ્લેગ, ક્ષય જેવા રોગો, ચેપી રોગો તથા મલેરીયા ઈન્ફ્લુએન્ઝા જેવા રોગોના વ્યાપક ફેલાવાનાં કારણે મરણદર ઉંચો રહેવા પામ્યો હતો.**૧૯૨૧ પછી ભારતમાં વસ્તીવૃધ્ધિનાં દરમાં નવો વળાંક જણાયો હતો. કારણ કે ત્યાર બાદથી ભારતની વસ્તીમાં એકધારો વધારો થતો રહયો છે. આથી જ વસ્તી વૃધ્ધિની દ્રષ્ટિએ ૧૯૨૧ નાં વર્ષને " મહાન વિભાજક વર્ષ " તરીકે ઓળખવામાં આવે છે**. આયોજનકાળનાં છ દાયકા (૧૯૫૧-૨૦૧૧) દરમ્યાન ભારતની વસ્તી ૩૬.૧ કરોડથી વધીને ૧૨૧.૦૨ કરોડ જેટલી થઈ છે. એટલે કે આ ગાળા દરમ્યાન કુલ વસ્તીમાં ૮૫ કરોડનો વધારો નોંધાયો છે.**૨૦૦૧ થી ૨૦૧૧ ના દસકા દરમ્યાન દેશની વસ્તીમાં લગભગ ૧૮.૧ કરોડનો વધારો થયો હતો. જે વિશ્વની વસ્તીમાં પાંચમાં ક્રમે આવતા બ્રાઝીલ દેશની કુલ વસ્તી ૧૯.૧ કરોડ કરતાં સહેજ જ ઓછી હતી.**

લંડન સ્કુલ ઓફ ઈકોનોમિકસનાં પ્રો. ટીમ ડાયર્સનનાં જણાવ્યા પ્રમાણે **૨૦૨૬નાં વર્ષમાં ભારતની વસ્તી ૧૪૦ કરોડના આંકને અને ૨૦૫૦ ના વર્ષમાં ૧૬૦ કરોડનાં આંકને આંબી જતાં ચીન કરતાં ભારત વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે.** જે પૈકી ૩૬ ટકા જેટલી વસ્તી શહેરોમાં અને ૬૪ ટકા જેટલી ગામડાંઓમાં રહેતી હશે.સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા સપ્ટેમ્બર ૨૦૦૬ માં પ્રકાશિત " વિશ્વ વસ્તી અહેવાલ"(World Population Report) માં વિશ્વની કુલ વસ્તી ૬૫૪ કરોડ હતી. જે ૨૦૫૦ માં વધીને ૯૦૭ કરોડ જેટલી થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. આ વસ્તીનો કુલ વધારો વિકાસશીલ દેશોમાં હશે.

૨૦૧૧ માં ભારતની કુલ વસ્તી ૧૨૧.૦૨ કરોડની હતી. તેની સામે અમેરીકા ૩૧.૧ કરોડ, ઈન્ડોનેશિયા ૨૫.૮ કરોડ, બ્રાઝીલ ૧૯.૧ કરોડ, પાકિસ્તાન ૧૭.૬ કરોડ, બાંગ્લાદેશ ૧૫ કરોડ, જાપાન ૧૨.૮ કરોડની વસ્તી છે. આમ ભારતમાં વસ્તીવૃધ્ધિનો દર વિશ્વનાં બીજા દેશો કરતાં વધારે છે. **ટકાવારીની દ્રષ્ટિએ વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતાં દેશોમાં (૧) ચીન ૧૯.૪ ટકા (૨) ભારત ૧૭.૬ ટકા (૩) અમેરિકા ૪.૫ ટકા (૪) ઈન્ડોનેશિયા ૩.૪ ટકા (૫) બ્રાઝીલ ૨.૮ ટકા (૬) પાકિસ્તાન ૨.૭ ટકા વસ્તી ધરાવે છે.**

ભારતમાં સૌથી વધુ વસ્તી ધરાવતાં રાજયોમાં (૧) ઉતર પ્રદેશ ૧૯.૯૫ કરોડ (૨) મહારાષ્ટ્ર ૧૧.૨૩ કરોડ (૩)બિહાર ૧૦.૩૮ કરોડ (૪) પશ્ચિમબંગાળ ૯.૧૩ કરોડ (૫) આંધ્રપ્રદેશ ૮.૪૬ કરોડ (૬) મધ્યપ્રદેશ ૭.૨૬ કરોડ (૭) રાજસ્થાન ૬.૮૬ કરોડ (૮) ગુજરાત ૬.૦૩ કરોડની વસ્તી ધરાવે છે.

**પ્રો.કોલ અને હુવરનાં વસ્તીસંક્રાતિનાં બીજા સિધ્ધાંતની ભારતનાં સંદર્ભમાં ચર્ચા.**

કોલ અને હુવર નામના અર્થશાસ્ત્રીઓએ વસ્તી સંક્રાતિનો સિધ્ધાંત આપ્યો છે. જેમાં જન્મદર અને મૃત્યુદરમાં થતાં ફેરફારનાં પરિણામે વસ્તીનાં કુલ કદમાં ફેરફારો થાય છે તે ત્રણ તબકકામાં થાય છે (૧) **પ્રથમ તબકકો:ઊચો જન્મદર અને ઊચો મૃત્યુદર (2) બીજો તબકકો:ઊચો જન્મદર અને નીચો મૃત્યુદર (૩) ત્રીજો તબકકો:નીચો જન્મદર અને નીચો મૃત્યુદર**

**બીજો તબકકો:ઊચો જન્મદર અને નીચો મૃત્યુદર:** ઊચો જન્મદર અને નીચો મૃત્યુદરવાળા અર્થતંત્રમાં જયારે વિકાસની પ્રક્રિયા શરૂ થાય છે ત્યારે પ્રજાની આર્થિક સ્થિતિમાં સુધારો થતાં **જન્મદર પહેલાની જેમ જ સ્થિર રહે છે પરંતુ આર્થીક વિકાસના લીધે** પ્રજાની આર્થિક સ્થિતિમાં સુધારો થતાં મૃત્યુદરમાં ઘટાડો થાય છે. ભારતમાં આઝાદી પછીના સમયગાળા દરમ્યાન દેશમાં શરુ કરવામાં આવેલ પંચવર્ષીય યોજનાઓના લીધે સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રોએનઓ વિકાસ કરવામાં આવ્યો છે જેના પરિણામે ભારતમાં કૃષિક્ષેત્રે હરિયાળીક્રાંતિ આવી છે, તે ઉપરાંત ઉધોગો,વેપાર-વાણિજય, શિક્ષણ,સંશોધન,આરોગ્યની સેવાઓ વગેરેના પરિણામે લોકોની આવકમાં વધારો થતાં જીવનધોરણમાં સુધારો આવ્યો છે. લોકો હવે વધુ પોષણક્ષમ અને સમતોલ આહાર મેળવી શકે છે. બીજી તરફ તબીબી સગવડો તેમજ જાહેર આરોગ્યની સેવાઓના વિકાસના લીધે પ્રજાનું આરોગ્ય ધોરણમાં સારો સુધારો આવ્યો છે રોગો સામે તેમની રોગપ્રતિકારકશકિતમાં વધારો થયો છે. તથા તબીબી સગવડોને લીધે બાળ-મરણ અને સ્ત્રી-મરણના પ્રમાણમાં નોધપાત્ર ઘટાડો થયેલ છે. આથી વસ્તીવૃધ્ધિનો ચોખ્ખો દર ખૂબ જ ઉંચો રહેવા પામેલ છે. **આમ ભારતમાં વસ્તી–વિસ્ફોટની પરિસ્થિતિ નિર્માણ પામેલ છે. હાલ ભારતીય અર્થતંત્ર વસ્તી-સંક્રાંતિનાં બીજા તબકકામાંથી પસાર થઈ રહયુ છે.**

**ભારતમાં માનવ વિકાસનાં વલણોઃ-**

માનવ વિકાસ એટલે માનવ મૂડીને ઉત્પાદનક્ષમ બનાવી તથા તેની ઉત્પાદકતામાં વધારો કરી રાષ્ટ્રનાં આર્થિક વિકાસમાં તેનો સર્વોતમ ઉપયોગ કરવો આ રીતે જોતા શિક્ષણ, તાલીમ, સંશોધના , રમતગમત,સાંસ્કૃતિક પ્રવૃતિઓ પાછળ કરવામાં આવતાં ખર્ચને માનવ મૂડીરોકાણ કહેવામા આવે છે. **માનવ વિકાસઆંકમાં સુધારો એ પ્રજાના જીવનધોરણમાં થતાં સુધારાનો નિર્દેશક ગણવામાં આવે છે.**ભારતમાં માનવવિકાસ આંકનાં વલણો નીચે મુજબ છે. **સુધારાનો નિર્દેશક ગણવામાં આવે છે.**ભારતમાં માનવવિકાસ આંકનાં વલણો નીચે મુજબ છે.

| **વર્ષ** | **અપેક્ષિત આયુષ્ય (વર્ષમાં)** | **સાક્ષરતાદર (ટકાવારીમાં)** | **જન્મદર** | **મૃત્યુદર** | **બાળમૃત્યુ** | **માથાદીઠ ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ (રૂ.માં)** |
|---|---|---|---|---|---|---|
| **૧૯૫૧** | **૩૨.૧** | **૧૮.૩** | **૩૯.૯** | **૨૭.૪** | **૧૪૬** | **૩૬૮૭** |
| **૧૯૬૧** | **૪૧.૩** | **૨૮.૩** | **૪૧.૭** | **૨૨.૮** | **૧૪૬** | **૪૪૩૦** |
| **૧૯૭૧** | **૪૫.૬** | **૩૪.૫** | **૩૬.૯** | **૧૪.૯** | **૧૨૯** | **૫૦૦૨** |
| **૧૯૮૧** | **૫૦.૪** | **૪૩.૬** | **૩૩.૯** | **૧૨.૫** | **૧૧૦** | **૫૩૫૩** |
| **૧૯૯૧** | **૫૯.૪** | **૫૨.૨** | **૨૯.૫** | **૯.૮** | **૮૦** | **૭૩૨૩** |
| **૨૦૦૧** | **૬૪.૦** | **૬૫.૩** | **૨૬.૧** | **૮.૭** | **૭૦** | **૧૦૨૫૪** |
| **૨૦૧૧** | **૬૮** | **૭૪.૪** | **૧૭** | **૭** | **૪૭** | **૩૫૦૦૦** |

ઉપરોકત માનવવિકાસ આંકનાં વલણોનો અભ્યાસ કરતાં તે તારવી શકાય છે કે, ૧૯૫૧ માં અપેક્ષીત આયુષ્ય જે ૩૨,૧ વર્ષ હતુ જે ૨૦૧૧ માં ૬૮ વર્ષ સાક્ષરણાદર જે ૧૮.૩ ટકા હતો જે ૭૪,૪, મૃત્યુદર ૨૭,૪ થી ૪૭,બાળમૃત્યુદર ૧૪૬ થી ૪૭, જન્મદર ૩૯.૯ થી ૧૭ અને માથાદીઠ ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશમાં પણ પ્રગતિ કરી શકયા છીએ. જેના પરીણામે લોકોની આવકમાં વધારો થતાં જીવનધોરણમાં સુધારો આવ્યો છે. તે ઉપરાંત આરોગ્યની સેવાઓ અને શિક્ષણનાં વિકાસનાં લીધે લોકોની સુખાકારીમાં વધારો થયો છે.જેના પરીણામે બાળમૃત્યુદર અને મૃત્યુદરમાં મોટા પ્રમાણમાં ઘટાડો લાવી શકયા છીએ.પરંતુ બાળજન્મદરમાં ઘટાડો લાવી શકયા નથી.**૨૦૧૧ નાં વર્ષમાં મૃત્યુદર ૭, બાળમૃત્યુદર ૪૭ તેની સામે જન્મદર ૧૭ ની આસપાસ રહેવા પામેલ છે. જેના પરીણામે ભારતની વસ્તીમાં ચોખ્ખો વધારો જોવા મળે છે.**

**સમાપનઃ-**

ભારત જેવા વિશાળ અને વિકાસશીલ દેશમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ પૂર્વેના સમય કરતાં, સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદનાં આયોજનનાં છ દાયકામાં દેશનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરી શકયા છીએ. શિક્ષણ, આરોગ્ય,માળખાકીય સેવાઓ, તાલીમ,સંશોધન, ખેતી,વ્યાપાર વગેરે ક્ષેત્રોના વિકાસનાં પરિણામે લોકોની સુખાકારીમાં વધારો થયો છે.દુકાળ, ચેપી રોગો ઉપર નિયંત્રણ લાવી શકયા છીએ.અને શિક્ષણનાં વિકાસનાં લીધે સમાજમાં અંધશ્રધ્ધા, કુરિવાજો ,વહેલા સાર્વત્રિક લગ્ન,કુટુંબમાં પુત્રનું મહત્વ, કર્મના સિધ્ધાંતો વગેરેમાં આમુલ પરિવર્તન લાવી શકયા છીએ. જેથી **૨૦૧૧ નાં વર્ષમાં સુધીમાં મૃત્યુદર ૭, બાળમૃત્યુદર ૪૭ તેની સામે જન્મદર ૧૭**

**સુધી નિયંત્રણમાં લાવી શકયા છીએ.તેમ છંતા સરકારની વસ્તીનીતિમાં યુગલદીઠ બે બાળકોની નીતિ અમલમાં હોવા છંતા તેનો કડકાઈથી અમલ ન કરી શકવાનાં કારણે જન્મદરમાં ઘટાડો કરી શકયા નથી.અને વસ્તીમાં સતત વધારો થઈ રહયો છે.૧૯૨૧ નાં વર્ષને બાદ કરતાં ભારતની વસ્તીમાં સતત વધારો થઈ રહયો છે.અને ૨૦૫૦ સુધીમાં ભારત વસ્તીમાં ચીન કરતાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી લેશે.**

અર્થતંત્રનાં પાંચ મુખ્ય અંગો (૧) વિકાસદર (૨) પુર્ણરોજગારી (૩) ભાવોની સ્થિરતા (૪) વિદેશવેપારમાં આગેકુચ (૫) આવકની સમાનતા.જેવા અંગોનો વિકાસ કરવો હોય,તો વસ્તી વધારો નિયંત્રણમાં લાવવો પડશે તો જ સારો વિકાસદર હાંસલ કરી શકીએ.નહિતર (૧) ભ્રષ્ટાચાર (૨) ગરીબી (૩) બહેનોની સુરક્ષા સમાન હકો (૪) ગ્રામીણ વિકાસ (૫) શિક્ષણ અને આરોગ્ય (૬) રોજગારી-આર્થિક તકો (૭) ઘરનુ ઘર જેવી સમસ્યાઓ ઉભી થઈ છે. જે સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે કોઈ પણ સરકારને ખુબ જ કઠીન થઈ પડશે.વસ્તી નિયંત્રણ માટે સરકારે આકરા ઉપાયો પ્રયોજી વસ્તી નિયંત્રણ માટે જન્મદરને અંકુશિત કરવાનું ઉતમોત્તમ સાધન " આર્થિક વિકાસ અને મહિલા શિક્ષણ" છે જેને પ્રાધાન્ય આપી, વસ્તીનાં પ્રશ્નોનો ઉકેલ ઝડપી લાવી આર્થિક વિકાસની ગતિ વેગીલી બનાવી ઉત્પાદન અને રોજગારીમાં વધારો કરી,રાષ્ટ્રીય આવકની સમાન અને ન્યાયી વહેચણી કરી, દેશનાં વર્તમાન સંજોગોને ધ્યાને લઇ વસ્તી નિયંત્રિત કરવાની જરૂરીયાત સ્વિકારવી રહી.

Reference:-

(૧) ભારતની આર્થિક વિકાસની સમસ્યાઓ (પોપ્યુલર પ્રકાશન)

(૨) વસ્તીશાસ્ત્ર (પોપ્યુલર પ્રકાશન)

(૩) ભારતીય અર્થતંત્ર

(૪ ઈકોનોમીક સર્વે રીપોર્ટ-૨૦૧૧-૧૨

(૫) ભારતીય અર્થતંત્ર